**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનની વાર્ષિક સાધારણ સભા તા.૨૫/૫/૦૮ નાં રોજ ફેડરેશન નાં પ્રમુખશ્રી કે.ટી.ચૌધરી નાં અઘ્યક્ષ સ્થાને બારડોલી ખાતે મળી હતી જેની કાર્યવાહી નોંધઃ—**

## કાર્યક્રમની વિગતો/એજન્ડા

**૧.પ્રાર્થનાઃ—**

કાર્યક્રમની શરૂઆત શ્રી મંજીભાઈ ચૌધરી માંડવી તથા અંજનાબેન ચૌધરી એ સ્તુતી વંદના—પ્રાર્થનાથી કરીને વાતાવરણને પવિત્ર કરેલ હતું

**૨.મહાકાળી માતાને દિપપ્રાટયઃ—**

સમારંભ નાં મુખ્ય મહેમાન શ્રી નગીનભાઈ ટી પાવાગઢી તથા ફેડરેશન નાં હોદ્દેદારો એ ચૌધરી સમાજની કુળદેવી મહાકાળી માતાને દિપ પ્રાગટય કરવામાં આવ્યું.

**૩.નામી. અનામી સભ્યો માટે શ્રઘ્ધાંજલિ(બે મિનીટ મૌન)**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજનાંનામી /અનામી સભ્યો નાં મુત્યું પામેલા સદ્ગત આત્માઓને પરમકુપાળુ પ્રભુ ચિર શાંતિ આપે તે માટે તમામ સભ્યો પોતાની જગ્યા ઉપર ઉભા રહી બે મિનીટ મૌન પાળી શ્રઘ્ધાંજલિ આપવામાં આવી.

**૪.મહેમાનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગતઃ—**

બારડોલી પ્રદેશ ચૌધરી સમાજનાં પ્રમુખશ્રી તથા હોદ્દેદારોએ વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત મુખ્ય મહેમાનો તથા અતિથી વિશેષ શ્રીઓ અને ફેડરેશન નાં હોદ્દારો અનેં સભ્યોનું પુચ્છગુચ્છ થી સ્વાગત કર્યુ.

**૫.સ્વાગત પ્રવચન—(પ્રમુખશ્રી બારડોલી પ્રદેશ ચૌધરી સમાજ)**

બારડોલી પ્રદેશ ચૌધરી સમાજ નાં પ્રમુખશ્રી ર્ડા.મહેન્દ્રભાઈ.એચ.ચૌધરીએ ફેડરેશનની પ્રથમ વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા સભ્યોનું શાબ્દીક સ્વાગત કર્યુ. ફેડરેશનની પ્રથમ કારોબારી નું યજમાન પદ બારડોલી પ્રદેશ ચૌધરી સમાજ ને આપવા બદલ પણ ફેડરેશન નો આભાર માન્યો, આજ પ્રમાણે ફેડરેશન માં જોડાયેલા તમામ સમાજો રોટેશન પ્રમાણે ફેડરેશન નાં જુદા જુદા કાર્યક્રમોનું યજમાન પદ લઈ ને કાર્ય કરશે તો દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન ખૂબ ટુંકા ગાળામાં ઘણા સમાજ ઉપયોગી કાર્યક્રમો/કામો કરશે જેમાં બે મત નથી ફેડરેશનમાં વધુને વધુ સભ્યોને જોડી ને મજબુત સંગઠન ઉભું કરવા જણાવ્યું.

**૬.ફેડરેશનએ વર્ષદરમ્યાન કરેલ કામગીરી ની તવારીખ/રૂપરેખાઃ—**

વાર્ષિક સાધારણ સભાનાં પ્રમુખશ્રી તથા ફેડરેશન નાં પ્રમુખ શ્રી કે.ટી.ચૌધરી એ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશન એ વર્ષદરમ્યાન કરેલ કામગીરીની રૂપરેખા/તવારીખ ની નીચે મુજબ ની વિસ્તૃત માહિતી સભ્યો સમક્ષ રજુ કરવામાં આવી.

## દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજનું રાજય કક્ષાનું ફેડરેશન રચવા બાબત ની તવારીખઃ–

(૧) માદરે વતનથી દુર અમદાવાદ,ગાંધીનગર, વડોદરા, ભરૂચ,સુરત, બારડોલી, વ્યારા, માંડવી, કડોદ, સોનગઢ તથા રાજયનાં અન્ય નાનાં મોટા શહેરોમાં નોકરી તેમજ કામધંધાર્થે વસેલા આપણાં સમાજનાં સભ્યો એકબીજાથી પરિચીત રહે, એકબીજાની નિકટ આવે, એકબીજા ને મદદરૂપ થવાની ભાવના કેળવાય તેવા શુભ આશયથી દરેક નાનાં મોટા શહેરોમાં વસતા સમાજનાં સભ્યોએ ચૌધરી સમાજોની રચના કરી છે.

આવા સમાજોની રચના થી સભ્યોમાં ભાતૃભાવના વધી છે. જાગૃતિ પણ આવી છે.એકતા અને સંગઠનની ભાવના પણ જાગૃત થઈ છે.પરંતુ સાથે સાથે સમસ્ત સમાજ સામે સામાજીક,શૈક્ષણિક,આર્થિક તથા અન્ય અનેક સાંમપ્રત સમય ની સમસ્યાઓ પણ ઉપસ્થિત થઈ છે. આપણાં સમાજનાં સાંમપ્રત સમયનાં નિરાકરણ માટે તથા સાથે સાથે આપણાં સમસ્ત સમાજનાં સામાજીક,શૈક્ષણિક આર્થિક તથા અન્ય ક્ષેત્રોમાં વિકાસ કરી શકાય તે હેતુથી જુદા જુદા શહેરોમાં કાર્યરત ચૌધરી સમાજોને એક છત્ર હેઠળ લાવવા માટે રાજય વ્યાપી ફેડરેશન રચવા માટે નું આયોજન હાથ ધરવા અમદાવાદ,ગાંધીનગર ચૌધરી સમાજ ની કારોબારી માં વિચારણાં કરવામાં આવી.

આ ફેડરેશન ની રચના તેનાં ઉદ્દેશો નકકી કરવા તેનું બંધારણ તૈયાર કરવા માટે સમાજનાં સક્રિય સભ્યો બુધ્ધિજીવીઓ તથા જુદા જુદા સમાજો નાં હોદ્દેદારો સાથે ગોળમેજી બેઠકો કરવાનુ નકકી કરવામાં આવ્યા.

તા.૨૪/૧૦/૦૬ નાં રોજ પ્રથમ ગોળમેજી બેઠક માંડવી પ્રાથમિક શિક્ષક ભવન માં રાખવામાં આવી.જેમાં સમાજનાં ૩૮ મિત્રોએ ભાગ લીધો. જેમાં જુદા જુદા ચૌધરી સમાજો નાં પ્રમુખ મંત્રીશ્રીઓ કારોબારી સભ્યો એ કિંમતી સલાહ સુચનો કર્યા. જેની નોંધ લેવામાં આવી અને ફેડરેશન ની રચનાની કામગીરી ને બળ મળ્યું.

(૨) તાઃ– ૩૧/૧/૦૬ નાં રોજ ફેડરેશન ની રચના કરવા બાબતે ચર્ચા વિચારણાં માટે બીજી ગોળમેજી પરિષદ મું. જીતપુર,તા.નાંદોદ ,જિ.નર્મદા ખાતે મળી જેમાં ૨૦ જેટલા સમાજ નાં ઉત્સાહી મિત્રો ભેગા થયા જેમાં ફેડરેશન નાં કામચલાઉ બંધારણ અંગે કારોબારી ની રચના અંગે નાણાંકિય ભંડોળ અંગે ની ચર્ચા વિચારણાં કરવા માં આવી.

(૩) તા. ૩૧/૧૨/૨૦૦૬ નાં રોજ વ્યારા ચૌધરી સમાજનાં સૌજન્યથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી નાં કમિટી રૂમમાં ત્રીજી ગોળમેજી પરિષદ બોલાવવમાં આવી જેમાં સમાજ નાં ૫૭ મિત્રો એ ભાગ લીધો.

આ બેઠકમાં કામચલાઉ રીતે તૈયાર કરવામાં આવેલ બંધારણ નું વાંચન કરીને જરૂરી સુધારા વધારા અંગે નાં સુચનો સભ્યો પાસેથી મેળવવામાં આવ્યા. અને તા–૨૧/૧/૦૭ નાં રોજ વડોદરા ચૌધરી સમાજ ના સહયોગ થી ચૌધરી સમાજ ની ઉત્પત્તી સ્થાન પાવાગઢ ખાતે સમસ્ત ચૌધરી સમાજ નું સંમેલન બોલાવીને સુચિત કારોબારી ની રચના કરવાનું નકકી કરવામાં આવ્યુ.

(૪) તા– ૨૧/૧/૨૦૦૭ નાં રોજ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન) ની રચના કરવા માટે બંધારણ આખરી કરવા કારોબારી ની રચના કરવા માટેની બેઠક મહાકાળી માતા નાં સાનિધ્યમાં પાવાગઢ ધોળીકુવા નર્સરી માં વડોદરા ચૌધરી સમાજ નાં સૌજન્ય થી રાખવામાં આવી.

આ બેઠકમા ં ૨૫૦ જેટલા ચૌધરી સમાજનાં ભાઈઓ, બહેનો આગેવાનો,વડીલોએ ભાગ લીધો હતો. આ દિવસે તા– ૨૧/૧/૨૦૦૭ નાં રોજ સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન) નું બંધારણ વંચાણે લેવામાં આવ્યું. તથા બંધારણ રજીસ્ટ્રેશન સમિતી રચના કરવામાં આવી. બંધારણમાં નકકી કરવામાં આવેલ પધ્ધતિ પ્રમાણે જુદા જુદા ચૌધરી સમાજો નાં હોદ્દેદારો માંથી બે બે પ્રતિનિધિઓ ની કારોબારી માં નિમણુંકો કરવામાં આવી જયાં ચૌધરી સમાજોની રચના નથી થઈ તેવા ગ્રામ્ય વિસ્તારો માંથી ગ્રામ્ય યુનિટ તાલુકા દીઠ પણ બે બે સભ્યોનો કારોબારી માં સમાવેશ કરવામાં આવ્યો. આમ ૨૧ સભ્યોની કારોબારી ની રચના કર્યા.પછી. સર્વાનુમતે પ્રમુખ (૧) ઉપપ્રમુખ (૩) મહામંત્રી (૧) સહમંત્રી (૩) ખજાનચી (૧) આંતરીક ઓડીટર (૧) તથા અન્ય કારોબારી સભ્યોની વરણી સર્વાનુમતે કરવામાં આવી.

આમ આ દિવસે આપણે સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન ની રચના કરીને એક ઐતિહાસિક કદમ ભર્યૂ.છે. થયેલ કાર્યવાહીની વિગતો પાવાગઢ ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ માં જણાવેલ છે.જે વંચાણે લેવા વિનંતી છે.

(૫) તા–૪/૨/૦૮ નાં રોજ કડોદ ચૌધરી સમાજ નાં સૌજન્યથી દંતાઈ માતાનું મંદિર કડોદ ખાતે દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન ની પ્રથમ કારોબારીની બેઠક બોલાવવામાં આવી. જેમાં કારોબારી નાં ૨૧સભ્યો ઉપરાંત આમંત્રિત સભ્યો સહિત ૫૦ સભ્યો એ ભાગ લીધો હતો જેમાં થયેલ કામગીરી ની વિગતો કડોદ ખાતે મળેલ કારોબારી બેઠકની કાર્યવાહી નોંધમાં જણાવેલ છે. જે વંચાણે લેવા વિનંતી છે.

(૬) તા.૨૫/૨/૦૭ નાં રોજ બારડોલી ચૌધરી સમાજ નાં સહયોગથી બારડોલી સરકિટ હાઉસ ખાતે બંધારણ સમિતી ની બેઠક બોલાવવમાં આવી હતી. જેમાં બંધારણ સમિતીનાં સભ્યો ઉપરાંત અન્ય આમંત્રિત સભ્યો મળી કુલ–૪૨ સભ્યોએ ખુબજ ઉમળકાથી સક્રિય ભાગ લીધો હતો. લગભગ ૮ કલાક બંધારણ રચના તથા સમાજનો લોગો પ્રતિક નકકી કરવા ચર્ચા વિચારણાં કરવામાં આવી હતી. બંધારણ તૈયાર કરીને રજીસ્ટ્રેશન માટે દરખાસ્ત મદદનીશ ચેરીટી કમીશ્નરશ્રી સુરતને રજુ કરવાનુ નકકી કરવામાં આવ્યું

(૭) દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન નાં કાર્યાલય માંડવી પ્રાથમિક શિક્ષક ભવન માં શરૂ કરવાનું નકકી થતાં તા–૨૫/૩/૦૭ નાં રોજ માંડવી ચૌધરી સમાજનાં સૌજન્યથી સમાજ નાં કાર્યાલય નો ઉદ્ઘાટન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજ નાં ૫૮ જેટલાં સભ્યો વડીલો,આગેવાનો એ હાજરી આપી હતી.માન. સાંસદ સભ્યશ્રી ર્ડા.તુષાર.એ ચૌધરી નાં વરદ્ હસ્તે ફેડરેશન નાં કાર્યાલય નું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ. આજે આ કાર્યાલય સમાજનાં દરેક સભ્યને મફત સેવા આપી રહેલ છે. તમને પણ એકવાર કાર્યાલયની મુલાકાત લેવા આમંત્રણ છે. વ્યારા,વાંકલ,મહુવા અને બારડોલી ખાતે પણ ફેડરેશન નાં કાર્યાલયો પણ તબ્બકાવાર શરૂ કરવાનું આયોજન છે.

(૮) તા.૨૮/૪/૨૦૦૭ નાં રોજ વાંકલ પ્રદેશ ચૌધરી સમાજ નાં સહયોગથી કસ્તુરબા કન્યા છાત્રાલય વેલાવી વાંકલ ખાતે સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન) ની બીજી કારોબારી ની બેઠક બોલાવવમાં આવી હતી. આ બેઠકની સાથે સાથે ચૌધરી સમાજનાં લગ્ન ઉત્સુક યુવક યુવતિઓ નો પરિચય મેળો પણ યોજવા માં આવ્યો હતો જેમાં ૨૦ જેટલા યુવક યુવતિઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. અને

આ પરિચય મેળાનાં પરિણામ સ્વરૂપ એક જોડાની પંસદગી થવાથી સમાજ નાં ધારાધોરણ મુજબ એરેન્જ મેરેજ ગોઠવવામાં આવ્યા હતા. જેમને સમાજ નાં હોદ્દેદારો એ લગ્નમાં હાજરી આપી આર્શિવાદ તેમજ ભેટ પણ અર્પણ કરી હતી. આ બેઠકમાં સમાજનાં આશરે ૧૫૦ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં થયેલ કાર્યવાહી ની વિગતો માટે વાંકલ ખાતે મળેલ કારોબારી બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લેવા વિનંતી છે.

( ૯) ૬/૪/૦૭ નાં રોજ સુરત શહેર ચૌધરી સમાજની રચના કરવા સુરત જિલ્લા શિક્ષણ તાલીમ ભવનમાં બેઠક રાખવામાં આવી જેમાં ૫૦ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો પરંતુ હજી સુધી સુરત શહેર ચૌધરી સમાજની રચના થઈ શકી નથી

(૧૦) તા.૧૮/૧૦/૨૦૦૭ નાં રોજ મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રી સુરતએ આપણાં સમાજનાં ફેડરેશનના બંધારણની મંજુરી તથા રજી.સર્ટિફિકેટ આપેલ છે.જે વંચાણે બહાલી આપવામાં આવી.

તા.૨૫/૧૦/૨૦૦૭ નાં રોજ શ્રી માંડવી ચૌધરી સમાજ માંડવીનાં સૌજન્યથી સમસ્ત ચૌધરી સમાજ (ફેડરેશન) ની ત્રીજી કારોબારી બેઠક માંડવી કોલેજ નાં સભાખંડમાં રાખવામાં આવી હતી. જેમાં ૫૦ જેટલા કારોબારી સભ્યો ઉપસ્થિત રહયા હતા. આ કારોબારી બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી.માંડવી બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લેવા વિનંતિ છે.

(૧૧) ૧૩/૧/૨૦૦૮ નાં રોજ આનંદડુંગરી ગોડધા તા.માંડવી ખાતે ભગવાન કરુણા સાગર મંદિર સંકુલમાં ચોથી કારોબારીની બેઠક રાખવામાં આવી હતી આ કારોબારી બેઠક સત્ કૈવલ ટ્રસ્ટ નાં સહયોગ થી રાખવામાં આવી હતી. જેમાં કારોબારી સભ્યો ઉપરાંત ૧૦૦ જેટલા સમાજ નાં આમંત્રિત સભ્યો એ ભાગ લીધો હતો જેમાં સમાજનાં બંધારણની જોગવાઈઓ મુજબ જુદી જુદી સમિતીઓની રચના કરવામાં આવી હતી.વધુ વિગતો માટે આનંદડુગરી ગોડધા ની કાર્યવાહી નોંધ વંચાણે લેવા વિનંતી છે.

(૧૨) તા.૩૦/૩/૦૮ નાં રોજ બાલ્દા મુકામે સમાજની સામાજીક ન્યાય સમિતી ની બેઠક બોલાવી ચૌધરી સમાજનાં સગાઈ–લગ્ન અંગેનાં ધારા ધોરણો સુધારવાની કામગીરી કરવામાં આવી હવે તા.૧૩/૪/૦૮નાં રોજ બારડોલી પાંચમી કારોબારી બેઠક રાખવામાં રાખવામાં આવી હતી જેમાં ચૌધરી સમાજ ની સગાઈ વિધી લગ્ન વિધી અને લગ્નવિચ્છેદ અંગેના ધારાધોરણો નાં સુધાર ખરડાને સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યો.

**એજન્ડા.નં.૭:**

ફેડરેશનની પ્રવૃતિની રૂપરેખા પ્રથમ વર્ષ દરમ્યાન થયેલ ઠરાવોનું વાંચન કરી બહાલી આપવા મેળવવા તા.તા.૨૧/૧/૦૭ થી૧૩/૮/૦૮

**ઠરાવ નં.૧**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશન નાં મહામંત્રી શ્રી પ્રભુદાસ બી.ચૌધરીએ ફેડરેશન મારફતે હાથ ધરાયેલ પ્રવૃતિઓની રૂપરેખા રજુ કરવામાં આવી.

ફેડરેશનની તા.૨૧/૧/૦૭ થી રચના થયા પહેલા તથા ત્યાર બાદ મળેલ કારોબારી.બેઠકો તા.૩૧/૧૨/૦૬(વ્યારા), તા.૨૧/૧/૦૭ (પાવાગઢ), તા.૪/૨/૦૭ (કડોદ) તા.૨૮/૪/૦૭(વાંકલ–વેલાવી) તા.૨૬/૫/૦૭ (બલેઠી) તા.૩૦/૧૦/૦૭ (માંડવી) તા.૧૩/૧/૦૮(આનંદ ડુંગરી ગોડધા)ખાતે મળેલ હતી. જેની કાર્યવાહી નોંધો ની નકલો તમામ સભ્યોને ફાઈલ સ્વરૂપે વિતરણ કરવામાં આવી.જે વંચાણે લઈ તમામ કારોબારી બેઠકોની કાર્યવાહી નોંધો સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.

**એજન્ડા.નં.૮:**

ફેડરેશન નાં વાર્ષિક હિસાબો વંચાણે લઈ બહાલી આપવા બાબતઃ
તા.૨૧/૧/૦૭ થી ૩૧/૩/૦૮.

**ઠરાવ .નં.૨**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટસ્ટ્ર (ફેડરેશન)ની રચના તા.૨૧/૧/૦૭ થી કરવામાં આવેલ હોઈ તા.૨૧/૧/૦૭ થી ૩૧/૩/૦૮ નાણાંકિય વર્ષ નાં હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી એમ .જે.ખિલાવાલા સુરત મારફતે ઓડીટ કરાવેલ હતા. જેની નકલ હાજર રહેલા તમામ સભ્યો ને ફાઈલ સાથે આપવામાં આવી. જે વંચાણે લઈ સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યા.

**એજન્ડા.નં.૯:** આગામી વર્ષનું અંદાજપત્ર રજુકરવા બાબત.

## ઠરાવ.નં.૩

ફેડરેશન નાં મહામંત્રી એ આગામી વર્ષમાં ફેડરેશન મારફતે થનાર આવક અને ખર્ચ નું નીચે મુજબ અંદાજપત્ર રજુ કર્યુ.જેને વંચાણે લઈ સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યું.

## દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશન નું સને.૨૦૦૮, ૨૦૦૯ નું અંદાજીત આવક જાવકનું અંદાજપત્ર

**આવક**

| | |
|---|---|
| સભ્ય ફીઃ**નોમીનલ**– ૫૦૦, | રૂ/૧૩,૦૦૦/– |
| **સભ્ય.ફી.પ્રાથમિક સભ્યો** ૫૦૦ , | રૂ/૫૩,૦૦૦ |
| **સભ્ય.ફી. આજીવન સભ્યો** ૧૦૦૦, | રૂ/૧૦,૦૬૦૦૦ |
| **–દાન/ફાળો** | રૂ/૫,૦૦૦૦૦ |
| **– સા.ન્યા.સમિતીએ** | રૂ/૧૦,૦૦૦ |
| **કરેલ કામગીરીમાંથી આવક** | |
| કુલઃ– | રૂ/૧૫,૮૨૦૦૦ |

**ખર્ચ**

| | |
|---|---|
| **૧**. પ્રિન્ટીગ સ્ટેશનરી ખર્ચઃ– | ૧૦,૦૦૦ |
| **૨**.ટપાલખર્ચ/ઝેરોક્ષખર્ચ | ૧૦,૦૦૦ |
| **૩**.કારોબારી બેઠક ખર્ચઃ– | ૨૦,૦૦૦ |
| **૪**.માંડવી કાર્યાલય ભાડું :– | ૬,૦૦૦ |
| **૫**.સ્ટાફ પગાર ખર્ચઃ– | ૧૮,૦૦૦ |
| **૬**.બે સ્થળે સમુહ લગ્ન ખર્ચઃ– | ૧૦૦૦૦૦ |
| **૭**.બે સ્થળે લગ્ન ઉત્સુક યુવક યુવતી ઓનો પરિચય મેળો ખર્ચઃ– | ૨૦,૦૦૦ |
| **૮**.બે જગ્યાએ ખેડૂત ઉત્કર્ષ શિબીરોઃ– | ૨૦,૦૦૦ |
| **૯**.ફેડરેશનનું મુખપત્ર ખર્ચઃ– | ૨૫,૦૦૦ |
| **૧૦**.વેબસાઈટ મેઈન્ટેન્સ ખર્ચઃ– | ૧૦,૦૦૦ |
| **૧૧**.માંડવી કાર્યાલય ટેલીફોન ઈન્ટરનેટ કનેકશન માટે ખર્ચઃ | ૫,૦૦૦ |
| **૧૨**.બે જગ્યાએ કેરીયર ગાઈડન્સ સેમીનાર ખર્ચઃ– | ૧૦,૦૦૦ |
| **૧૩**.બે જગ્યા એ રોજગાર લક્ષી માર્ગદર્શન શિબીર ખર્ચઃ– | ૧૦,૦૦૦ |
| **૧૪**.બે જગ્યાએ વ્યશન મુકિત શિબીરોઃ– | ૧૦,૦૦૦ |
| **૧૫**.આપત્તિવ્યવસ્થાપન ખર્ચઃ– | ૫૦,૦૦૦ |
| **૧૬**.મેડીકલ કેમ્પોઃ– | ૫૦,૦૦૦ |
| **૧૭**.રકતદાન શિબીરોઃ– | ૨૦,૦૦૦ |

| | |
|---|---|
| **૧૮**.રમત ગમત પોત્સાહનઃ– | ૨૦,૦૦૦ |
| **૧૯**.વાર્ષિક સ્નેહ સંમેલન/વાર્ષિક સાધારણ સભા ખર્ચઃ– | ૫૦,૦૦૦ |
| **૨૦**.વ્યારા ખાતે(ફેડરેશન)નું કાર્યાલય શરૂ કરવા ખર્ચઃ– | ૨૦,૦૦૦ |
| **૨૧**.ગ્રામ્ય તાલુકા યુનિટો ને વિવધ પ્રવૃતિ માટે સહાય | ૫૦,૦૦૦ |
| **૨૨** સા.ન્યાય સમિતી સભ્યોનું મહેનતાણું ખર્ચઃ– | ૧૦,૦૦૦ |
| **૨૩**.માંડવી કાર્યાલય ફર્નિચર ખર્ચઃ– | ૨૦,૦૦૦ |
| **૨૪**.સમાજ ઉત્કર્ષ માટે નાં જુદા જુદા કામો નો સર્વે.ખર્ચઃ– | ૨૦,૦૦૦ |
| **૨૫**.વિમા પ્રિમીયમ ખર્ચઃ– | ૫૦૦૦૦ |
| **૨૬**.કેલેન્ડર છપામણી ખર્ચઃ– | ૧૦,૦૦૦ |
| **૨૭**. મેજડાયરી છપામણી ખર્ચઃ– | ૧૦,૦૦૦ |
| **કુલઃ–** | **૬,૫૪૦૦૦** |

**મહામંત્રી**
**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ**
**ફેડરેશન**

**એજન્ડા નં.૧૦ :** વાર્ષિક સાધારણ સભામાં કલમનં ૯(૯) અન્વયે મંજુરીથી રજુ કરેલા મુદ્દાઓની ચર્ચા.

**ઠરાવ નં.૪**

ફેડરેશન નાં બંધારણ નાં ધરાધોરણ કલમ ૯(૯) માં ફેડરેશન માં જોડાયેલ કોઈપણ સભ્ય વાર્ષિક સાધારણ સભામાં અગાઉ થી મંજુરી મેળવીને મુધ્દો રજુ કરી શકે છે. આજની વાર્ષિક સાધારણ સભામાં કોઈપણ સભ્યએ આ અંગે રજુઆત કરેલ ન હોઈ કોઈ ચર્ચા કરવામાં આવી ન હતી.

**એજન્ડા ન.૧૧:** આગામી વર્ષની પ્રવૃતિ–ભાવિ કાર્યક્રમો ની ચર્ચા કરવા બાબત.

**ઠરાવ નં.૫.**

ફેડરેશન નાં મહામંત્રી એ આગામી વર્ષ સને ૨૦૦૮.૦૯ નાં વર્ષમાં ફેડરેશન

મારફતે હાથ ધરનાર પ્રવૃતિઓ– તથા ટુંકાગાળાનાં અને લાંબાગાળાનાં નીચે મુજબનાં ભાવિકાર્યક્રમો ની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.આગામી વર્ષમાં આ ટુંકાગાળાનાં કાર્યોનું નકકર આયોજન કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું

## દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) નાં <u>ભાવિ ક્રાર્યક્રમોની વિગતો</u>ઃ–

## (અ)ઃ–ટુંકાગાળાનાં કાર્યક્રમોઃ–

૧.ફેડરેશન ની બીજી પ્રાદેશિક કચેરીઓ વ્યારા, મહુવા, બારડોલી વાંકલ ખાતે શરૂ કરવી.
૨.ચૌધરી સમાજનાં ધોરણ ૧૦,૧૧,૧૨ નાં વિધાર્થીઓ માટે બુક બેંક ઉભી કરવી.
૩.સમાજનાં ગરીબ વિધાર્થીઓ ને સસ્તા દરે નોટબુકનું વિતરણ કરવું.
૪.સમાજનાં પ્રગતિશીલ ખેડૂતો માટે ખેતી લક્ષી માર્ગદર્શન કેમ્પ કરવો.
૫.સમાજનાં ડાકટરો મારફતે તથા લાયન્સ કલબો અને સ્વૈ.સંસ્થાઓનાં સહયોગ થી આરોગ્ય લક્ષી તથા રકતદાન કેમ્પ કરવા.
૬.સમાજના યુવાનોનું સંગઠન ઉભું કરી રકતદાતા યુવાનોની ગૃપય ાદી ડિરેકટરી તૈયારકરવી.
૭.ફેડરેશન/સમાજનું મુખપત્ર બહાર પાડવા કાર્યવાહી કરવી.

૮.ફેડરેશનનું સને ૨૦૦૮ નાં વર્ષનું કેલેન્ડર બહાર પાડવુ.
૯.ફેડરેશન મારફતે સને ૨૦૦૮ ની મેજ ડાયરી તૈયાર કરવી. ફેડરેશન સાથે સંકલિત તમામ સમાજો તથા તાલુકા યુનિટ સભ્યોની વિગતો દર્શાવતી બૃહદ્ ડીરેકટરી તૈયાર કરવી.
૧૦.ફેડરેશન મારફતે ચૌધરી સમાજ નાં સભ્યો મારફતે તૈયાર થયેલા શિલ્પો કૃતિઓ, આર્ટ ચિત્રો, કલાકારીગરી ,ચીજ વસ્તુઓનું વેચાણ પ્રદર્શન કરવું.
૧૧.સમાજનાં લોકોને વ્યશન મુકિતી કરવા, ધાર્મિક સંસ્થાનોનાં સહયોગ થી વ્યશન મુકિત કેમ્પો કરવા.
૧૨.સમાજનાં શિક્ષિત યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે માર્ગદર્શન શિબીર તેમજ કોચીંગ સેન્ટર શરૂ કરવું.
૧૩.સમાજનાં શૈક્ષણિક તથા અન્ય ક્ષેત્રે સિધ્ધી મેળવેલ તેજસ્વી તારલાઓનું સન્માન કરવું.
૧૪.સમુહ લગ્ન નું આયોજન કરવું.
૧૫.દિવાળી વેકેશનમાં લગ્ન ઉત્સુક યુવક યુવતીઓનાં પંસદગી મેળાનું આયોજન
૧૬.સમાજ ના સભ્યોનો સામુહિક વિમો ઉતારવાનું આયોજન.

## (બ):–લાંબાગાળાનાં ભાવિકાર્યક્રમો:–

૧. ફેડરેશન મારફતે ચૌધરી સમાજ ભવન તથા શૈક્ષણિક સંકુલ ઉભુ કરવા કાર્યવાહી કરવી.
૨.ચૌધરી સમાજનાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિધાર્થી વિધાર્થીનીઓ માટે લોન આપવા અંગેની યોજના ઘડવી.
૩.સમાજનાં તેજસ્વી વિધાર્થીઓ માટે સ્કોલરશીપ તેમજ ગોલ્ડ મેડલ આપવા માટે દાતાઓ શોધીને યોજના બનાવવી.
૪.દક્ષિણ ગુજરાત માદરે વતન નાં વિકાસ માટેની યોજનાઓ કરવી.
૫.ચૌધરી સમાજની ભાષા,બોલી, સંસ્કૃતી, દેવસ્થાનો, વગેરેની ડોકયુમેન્ટરી ફિલ્મ તૈયાર કરવી.
૬.ચૌધરી સમાજનાં દેવસ્થાનો નો જીણણોધાર કરવો.

મહામંત્રી
દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ
(ફેડરેશન)

**એજન્ડા નં.૧૨:** પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવા મુધ્દાઓની ચર્ચાઃ

**એજન્ડા નં.૧૨**:(૧) ફેડરેશન ની તા–૧૩/૪/૦૮ નાં રોજ બારડોલી ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલ રાખવા બાબત.

**ઠરાવ.નં.૬**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજચેરેટેબલ ટ્રસ્ટ ફેડરેશન નાં ધારા ધોરણ ની જોગવાઈ મુજબ કારોબારી ની કે કોઈપણ પ્રકારની બેઠકમાં આગામી બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લેવાની થાય છે. તે મુજબ આજની વાર્ષિક સાધારણ સભામાં ગત વર્ષની તમામ બેઠકોની કાર્યવાહી નોંધો વંચાણે લઈ બહાલ રાખવામાં આવેલ છે.

આજની બેઠક અગાઉની તા.૧૩/૪/૦૮ ની કારોબારી બેઠક બારડોલી ખાતે મળેલ હતી. જેમાં થયેલ કાર્યવાહી ની નોંધ તમામ સભ્યોને વંચાણ અર્થે આપવામાં આવી તા.૧૩/૪/૦૮ નાં રોજ મળેલ કારોબારી બેઠક માં થયેલ કાર્યવાહી ની નોંધ વંચાણે લઈ સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.

**એજન્ડા નં.૧૨.(૨)** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) માં જોડાયેલ તમામ સભ્યોને વિમા સુરક્ષા યોજનાનો લાભ આપવા બાબત.

**ઠરાવ નં.૭**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)માં ૩૦/૬/૦૮ સુધીમાં જોડાયેલા તમામ સભ્યોને વીમા સુરક્ષા યોજનાનો લાભ આપવાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

ધી ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ મારફતે જનતા વ્યકિતગત અકસ્માત પોલીસી યોજનામાં તમામ સભ્યોનો ગૃપ વિમો ઉતારવો ,તમામ સભ્યોનાં પુરા નામ, સરનામાં તથા જન્મ તારીખ ની વિગતો તાત્કાલિક સભ્ય નોંધણી કરેલ હોદ્દેદારો પાસેથી એકત્ર કરવી,યાદી બનાવવી વિમા અંગેનું પ્રિમિયમ આગામી કારોબારીની મંજુરી ની અપેક્ષા એ ફેડરેશન મારફતે ભરવું.

આ કામગીરી માટે ફેડરેશન ના પ્રમુખશ્રી શ્રી કે.ટી.ચૌધરી , મહામંત્રીશ્રી પ્રભુદાસ બી.ચૌધરી અને મહામંત્રી શ્રી બુધિલાલ.આર. ચૌધરી ને સર્વાનુમતે સત્તા

આપવામાં આવી.

કરેલ કામગીરીનો અહેવાલ આગામી કારોબારી માં રજુ કરીને બહાલી મેળવવાની રહેશે.

એજન્ડા–નં.૧૨ (૩) દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)ની સતત ત્રણ કારોબારી બેઠકમાં ગેરહાજર હોદ્દેદાર કારોબારી સભ્યોને કારોબારી માંથી દુર કરવા બાબત.

**ઠરાવ નં.૮**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ તથા સોસાયટી રજીસ્ટ્રેશન એકટ હેઠળ નોંધાવેલ ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટ નાં મેમોરેન્ડમ તથા ધારા ધોરણની જોગવાઈ મુજબ ફેડરેશન માં સમાવેશ થયેલ હોદ્દેદારો તથા કારોબારી સભ્યોએ કારોબારીની બેઠકમાં નિયમીત હાજરી આપવાની રહે છે. સતત ત્રણ કારોબારી બેઠકોમાં કશી પણ જાણ કર્યા વગર ગેરહાજર રહેનાર કારોબારી સભ્ય આપોઆપ કારોબારી માંથી ફારેગ થાય છે.અને તેની જગ્યાએ અન્ય સભ્યની બાકી સમયગાળા માટે નિમણુંક કરવાની રહે છે.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન માં ભરૂચ નર્મદા ચૌધરી સમાજ નાં પ્રમુખશ્રી ઈશ્વરભાઈ બી.ચૌધરી હોદ્દા ની રૂએ ફેડરેશન ની કારોબારી માં નિમણુંક પામ્યા હતા. તેમની તા.૨૧/૧/૦૭ ની પાવાગઢ ખાતેની પ્રથમ બેઠકમાં હાજરી હતી ત્યાર બાદ કારોબારીની મળેલ તા.૪/૨/૦૭(કડોદ) તા.૨૮/૪/૦૭ (વાંકલ વેલાવી) તા.૩૦/૧૦/૦૭(માંડવી) તા.૧૩/૧/૦૮ (આનંદ ડુંગરી ગોડધા) તા.૧૩/૪/૦૮(બારડોલી) તથા આજની તા.૨૫/૫/૦૮ ની વાર્ષિક સાધારણ સભા માં પણ તેઓ કોઈપણ જાતની જાણ કર્યા વગર ગેરહાજર રહેલ હોઈ તેમની સેવાનો લાભ ફેડરેશન ને મળતો ન હોય આજની સભા તેમને ફેડરેશન નાં કારોબારી નાં હોદા ઉપરથી દુર કરી ને તેમની જગ્યાએ ભરૂચ નર્મદા ચૌધરી સમાજમાંથી અન્ય સક્રિય સભ્યની બાકી સમય માટે નિમણુંક કરવા ઠરાવ મોકલાવે તેમ જણાવવા સર્વાનુમત્તે ઠરાવવામાં આવ્યું તથા અન્ય હોદ્દેદારો તથા ક ારોબારી સભ્યો પણ

હવે પછીની કારોબારી બેઠકો માં નિયમિત હાજરી આપે તેવો અનુરોધ કરવામાં આવ્યો.

**એજન્ડા નં.૧૨(૪)** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ની જગ્યાએ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ(ફેડરેશન) નામ બદલવા મદદનીશ ચેરીટી કમિ.શ્રી સુરત ને દરખાસ્ત રજુ કરવા બાબત.

**ઠરાવ નં.૯**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન) ના નામે મદદનીશ ચેરીટી કમિ. શ્રીએ ફેડરેશન નું રજીસ્ટ્રેશન કરીને માન્યતા આપી છે. આપણી મુળ દરખાસ્ત દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન) ની હતી. જેથી આજ નામ રાખવા પુનઃ દરખાસ્ત રજુ કરવી જોઈએ તેવો મુદદો પ્રમુખ સ્થાનેથી શ્રી નટુભાઈ ડી.ચૌધરી એ રજુ કર્યો . મહાસંઘ નામ શા માટે રાખવુ જોઈએ તે અંગે વિસ્તૃત ખ્યાલ તેમણે આપ્યો.

ફેડરેશન નાં મહામંત્રીએ મદદનીશ ચેરીટી કમિ.શ્રીએ શા માટે મહાસંઘ શબ્દની મંજુરી ના આપી અને આ શબ્દની જગ્યાએ 'ચેરીટેબલ ટ્રસ્ટ' શબ્દ કેમ ઉમેરાવ્યો તેની પણ વિસ્તૃત ચર્ચા કરી હાજર રહેલા ઘણાં સભ્યોએ ચર્ચા માં ભાગ લીધો બહુમતી સભ્યો મહાસંઘ શબ્દ નો સુધારો કરવાની તરફેણમાં ન હતા. જેથી આ મુજબનો સુધારો ક રવો કે ન કરવો તે અંગે આ સુધારા બાબત બંધારણ રજીસ્ટ્રેશન સમિતી ની બેઠક બોલાવી બંધારણ સમિતી જે અહેવાલ રજુ કરે તે કારોબારી માં એજન્ડા સ્વરૂપે રજુકરી ચર્ચા વિચારણાં કરીને આગામી વાર્ષિક સાધારણ સભામાં ચર્ચા માં ચર્ચામાં મુકી ઠરાવ કરીને નિર્ણય લેવો તે મુજબ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**એજન્ડા નં ૧૨(૫)** ગ્રામ સમિતી ઓની રચના માટે કારોબારી સભ્યોને તાલુકા પ્રભારીની કામગીરી સોંપવા બાબત.

**ઠરાવ નં.૧૦:**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન)ની ગ્રામ સમિતીઓની રચના કરવા માટેની ઝુંબેશ સ્વરૂપે કારોબારી સભ્યો ને તેમનાં

વતનનાં તાલુકા સિવાયનાં નજીકનાં અન્ય તાલુકાનાં પ્રભારી તરીકેની કામગીરી સોંપવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણાં તા.૧૫/૫/૦૮ નાં રોજ માંડવી ખાતે મળેલ તાકીદની કારોબારી બેઠકમાં નિર્ણય લેવામાં આવેલ હતો. જેમાં લેવાયેલ નિર્ણય અનુસાર નીચે કારોબારી સભ્યોને તાલુકા પ્રભારી તરીકેની કામગીરી સોંપવામાં આવે છે.

આ સભ્યોએ જે તે તાલુકા નાં સક્રિય સભ્યોનાં પરામર્શ માં રહીને ગ્રામ સમિતીઓની રચના ૩૦/૧૨/૦૮ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

ગ્રામ સમિતીઓની રચના પૂર્ણ થયા બાદ ફેડરેશનનું મહાસંમેલન બોલાવવા નું આયોજન કરવામાં આવશે.

## દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનમાં ગ્રામ સમિતી ઓનીનોંધણી કરવા તાલુકા પ્રભારીઓ ની યાદી

(૧) વ્યારાઃ– ૧.શ્રી બી.આર ચૌધરી
૨ .શ્રી નટુભાઈ.ડી ચૌધરી
૩.શ્રી બકુલભાઈ બી ચૌધર

(૨)સોનગઢઃ– ૧.શ્રી કિશોરભાઈ આર.ચૌધરી
૨.શ્રી નિતીનભાઈ વી. ચૌધરી
૩.શ્રી કે. ટી. ચૌધરી

(૩) માંડવીઃ– ૧.શ્રી અરૂણભાઈ સી.ચૌધરી
૨.શ્રી વિશ્વજીતભાઈ જી.ચૌધરી
૩.શ્રી કનુભાઈ યુ.ચૌધરી

(૪) બારડોલી :–૧.શ્રી પ્રભુદાસ બી.ચૌધરી
૨.શ્રી ગિરીશભાઈ સી ચૌધરી
૩.ર્ડા.રાયસિંગભાઈ બી.ચૌધરી

(૫) વાલોડઃ– ૧.ર્ડા.મહેન્દ્ર.એચ.ચૌધરી
૨.શ્રી દિલીપભાઈ એલ. ચૌધરી
૩.શ્રી રામુભાઈ આર ચૌધરી

(૬) મહુવાઃ– ૧.શ્રી લાલસીંગભાઈ બી ચૌધરી
૨.શ્રી હરિશભાઈ.એલ.ચૌધરી
૩.શ્રી નિતીનભાઈ ડી.ચૌધરી

(૭) માંગરોળ :–૧.શ્રી નટુભાઈ.સી.ચૌધરી
૨.શ્રી જંસવતભાઈ એચ.ચૌધરી
૩.શ્રી ચીમનલાલ.એચ. ચૌધરી

(૮) ઉંમરપાડાઃ ૧.શ્રી કુંવરજીભાઈ વી.ચૌધરી
૨.શ્રી ભુલાભાઈ.પી.ચૌધરી
૩.શ્રી મગનભાઈ કે. ચૌધરી

(૯) વાંસદાઃ– ૧.ર્ડા.વિલાસ એસ.ચૌધરી
૨.ર્ડા.સુરેશ બી ચૌધરી

૩.શ્રી નયનભાઈ પાવાગઢી
(૧૦) વાલિયાઃ– ૧.શ્રી હિતેન્દ્રભાઈ બી ચૌધરી (નાંદોલા)
૨.શ્રી આર કે.ચૌધરી
૩.શ્રી સુરેશભાઈ.સી.ચૌધરી(નવી જામુની)

એજન્ડા ઉપરના કામો પૂરા થતાં વાષિક સાધારણ સભા સમાપ્ત કરવામાં આવી

**પ્રમુખ**
**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ**
**ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)**

**મહામંત્રી**
**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ**
**ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)**